**કપડવંજના મહે. એડીશનલ ચીફ જ્યુડી મેજી. સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ**

ફોજદારી કેસ નં.૩૧૧/૨૦૨૬

આંકઃ–

**શ્રી સરકાર** ..... ફરીયાદી

વિરૂદ્ધ

**પ્રતાપભાઈ અમરાભાઈ દેવીપુજક,** ..... આરોપી

રહે.આંત્રોલી વાઘરીવાસ, તા.કપડવંજ, જી.ખેડા.

**ગુનો–પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫(એ)(એ) મુજબ**

-- ઠ રા વ --

**૧.** આ કામના આરોપીએ અત્રેની અદાલતની હકુમતમાં તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૩ઃ૩૦ વાગ્યાના સુમારે મોજે આંત્રોલી મુકામેથી વગર પાસ પરમીટે એક પ્લાસ્ટીકના ગેલનમાં આશરે ૦૨ લીટર દેશી દારૂ કિં.રૂ.૪૦૦/- નો દારૂ સાથે મળી આવી પકડાઇ જઇ તપાસ કરનાર અમલદારે તપાસને અંતે આરોપી વિરૂધ્ધ હાલનું પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫(એ)(એ) નું ચાર્જશીટ કરેલ છે.

**૨.** આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેઓને વિનામુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના આરોપી સામે તહોમતનામું ફરમાવી તેઓનું ગુનાનું નિવેદન નોંધવામાં આવેલ છે. તેમજ આરોપીએ અદાલત સમક્ષ અલગથી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે તે બાદ ગુના અંગે તેઓનું નિવેદન લેતા અને પુછતા આરોપી ગુનો કબુલ છે તેમ જણાવે છે. આરોપી ગુનો કબુલ કરતા હોય તેઓને સજા અંગેની સમજ કરેલ છે તેમ છતાં આરોપી ગુનો કબુલ કરવા માંગે છે તેમ જણાવે છે, તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધ ગુનો પુરવાર થતો હોય આરોપીને સજા અંગે સમજ કરેલ છે. આરોપીની રજુ કબુલાત પુરસીસની હકીકતો ધ્યાને લેતાં તેઓ ગરીબ

તથા કુટુંબ કબીલાવાળા ઈસમ હોય તેઓની જવાબદારી ધ્યાને લઈ ગુના બદલ કોર્ટ સમક્ષ પસ્તાવો કરી દયા રહેમ કરવા તેઓએ વિનંતી કરેલ છે.

**૩.** હાલના કામે તપાસ કરનાર અધિકારીએ આરોપી સામે પ્રોહી. એક્ટ કલમ-૬૫(એ)(એ) ના ગુનાનું ચાર્જશીટ કરેલ છે. આરોપીની ગુના કબુલાત ધ્યાને લેતાં આરોપીને સદર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદરહું ગુના અંગે કેસની હકીકતો તેમજ સંજોગો અને સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપીને પુરેપુરી સજા કરવાને બદલે **નામદાર ગુજરાત હાઈકોર્ટના જી.એલ.આર. ૨૦૦૫, પેજ નં.૭૦૯ પરના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી હરચંદજી ઠાકોરના** ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને હળવી સજા કરવી યોગ્ય અને ન્યાયી જણાય છે. આમ, આરોપીએ ગુનો કબુલ કરેલ હોય તે પરત્વે સમગ્ર હકીકતો લક્ષમાં લઈ ન્યાયના હિતમાં આથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>||- હુકમ -||</u>**

આ કામના આરોપી **પ્રતાપભાઈ અમરાભાઈ દેવીપુજક,** રહે.આંત્રોલી, તા.કપડવંજ, જી.ખેડા નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૬૪ મુજબ પ્રોહીબીશન એક્ટ કલમ-૬૫(એ)(એ) મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/- (અંકે રૂપીયા બસ્સો પુરા) રોકડ દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. વધુમાં આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૦૧ (એક)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

પ્રતિબંધિત મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તારીખ-૧૪, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

**કપડવંજ**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(માયાદેવી આર. શુકલા)**
**એડી. ચીફ જ્યુડી. મેજી., કપડવંજ**
**(જીજે.૦૦૬૮૧)**